# જીવંત પંથ-2

સી. બી. પટેલ

ક્રમાંક 58

## જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ શામ...

**વડીલો સહિત વાચક મિત્રો**, આપ સહુ સુજ્ઞજનો, મારા સાથીદારો અને પરિવારજનોના સાથ-સહયોગ-આશીર્વાદ તેમજ પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી મારા બ્રિટન આગમનને સુખરૂપ **60મું વર્ષ શરૂ** થયું છે. 19 નવેમ્બરે 1966ની વહેલી સવારે બહુ થોડાક સામાન સાથે લંડનની ધરતી પર પગ મૂક્યો ત્યારે મનમાં થોડોક ડર-આશંકા જરૂર હતા, પણ હૈયે હામ હતી. દેશ નવો હતો, ધરતી નવી હતી, લોકો નવા હતા, પણ જુસ્સો જૂનો હતો. ગમેતેવા કપરા સમય-સંજોગ સામે ઝઝૂમી લેવાના સ્વભાવે જ મને ધબકતો રાખ્યો છે એમ કહું તો ખોટું નથી. 1972માં રિલીઝ થયેલી ‘શોર’ ફિલ્મનું બહુ જાણીતું ગીત છેઃ **જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ શામ...** જાણ્યે-અજાણ્યે બસ, આ જ શબ્દોને જીવ્યો છું, અનુસર્યો છું.

છ દસકા... વાચક મિત્રો, બહુ લાં...બો સમયગાળો છે. જીવનસફર પર નજર કરું છું ત્યારે લાગે છે કે અપેક્ષા અને યોગ્યતા કરતાં પણ ઘણું વધુ પામ્યો છું, સ્વજનોના પ્રેમ-સહકાર અને ઈશ્વરકૃપા થકી જ શક્ય બન્યું છે એમ કહું તો તેમાં લગારેય અતિશયોક્તિ નથી. આયુષ્યના આ પડાવે પણ Asian Voice - ગુજરાત સમાચારની પ્રકાશન યાત્રામાં પ્રત્યક્ષ યોગદાન આપી રહ્યો છું, સક્રિય જાહેરજીવન માણી રહ્યો છું તેનાથી વિશેષ શું જોઇએ?! આગામી જીવનસફર પણ આવી જ કર્મશીલ અને સેવામય બની રહે તેવી શુભકામના અને આશીર્વાદ આપ સહુ વડીલો - વાચકો - સમર્થકો પાસેથી વાંછુ છું.


યોગાનુયોગ આ જ દિવસે મને પુસ્તક સ્વરૂપે ત્રણ ભેટ સાંપડી છે. આને હું જ્ઞાન-કૌશલ્યના દેવી **માતા સરસ્વતીના આશીર્વાદ** માની રહ્યો છું. સરસ્વતી માતાની આરાધના સુપેરે થઇ રહી હોવાનો વિશ્વાસ દૃઢ થયો છે અને આપણા સહુના જ્વલંત ભવિષ્ય માટે વધુ આશાવંત બન્યો છું.

ભેટસ્વરૂપ પુસ્તકોમાં પહેલું પુસ્તક એટલે Broken Mirror - **તુટેલું દર્પણ**. પ્રકાશન ક્ષેત્રે નવી જ ભાત પાડતું આ પુસ્તક દ્વિભાષી છે. ડાબા પાન પર ગુજરાતી તો જમણે ઈંગ્લીશ. અને ઈંગ્લીશ એટલે ગુજરાતીનો અનુવાદ નહીં, પરંતુ ફોનેટિક ઈંગ્લીશ. ગુજરાતીમાં જે ડાબે લખાયું છે તે જ યથાતથ ઈંગ્લીશમાં. જે લોકો ગુજરાતી બોલી જાણે છે, પરંતુ વાંચી શકતા નથી તેવી ગુજરાતી (યુવા) પેઢીને ધ્યાનમાં રાખીને આ પ્રકારે પ્રકાશન થયાનું મારું માનવું છે. **પુસ્તકના લેખક દંપતી વસુબહેન અને તેમના પતિ બાબુલાલ ગાંધીને હું વર્ષોથી જાણું છું.** રતિભારેય અતિશયોક્તિ વગર કહું તો સાહિત્યસેવા અને સમાજસેવા માટે સમર્પિત દંપતી. ગાંધી દંપતીને આ સ્તુત્ય પ્રયોગ માટે અભિનંદન. હાલ તો પુસ્તક પર સરસરતી નજર ફેરવી છે, પછી આરામથી વાંચીશ ત્યારે જરૂર વિગતે ચર્ચા કરશું.




Broken Mirror - તુટેલું દર્પણ પુસ્તકનું કવર પેજ


બીજું પુસ્તક તે **મુન્શી વિદ્યાધામના રજત જયંતી** વર્ષનો વાર્ષિક અહેવાલ. મુન્શી વિદ્યાધામ એટલે ભરૂચ-અંકલેશ્વર પ્રદેશનું જાણીતું કેળવણીધામ. ભરૂચ નજીકથી પસાર થતાં દહેજ બાયપાસ પાસે આવેલું મુન્શી વિદ્યાધામ સવિશેષ મુસ્લિમ સમાજ માટે ખૂબ પાયાનું કામ કરી રહ્યું છે. અને આ વાત પુસ્તકના આધારે નથી કહેતો હોં... વર્ષોપૂર્વે હું આ વિદ્યાધામની મુલાકાત લઇ ચૂક્યો છું, તેમની કામગીરી નજરે નિહાળી ચૂક્યો છું. આ શિક્ષણધામમાં આશરે 5 હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યા છે. મુન્શી ટ્રસ્ટે છેલ્લા 25 વર્ષમાં કરેલા સખાવતી કાર્યોને આવરી લેતો આ વિશેષ અંક મને મોકલી આપવા માટે હું પૂર્વ લંડનમાં આવેલા ઇલ્ફર્ડના નિવાસી હનીફ પટેલનો આભારી છું.




મુન્શી વિદ્યાધામના રજત જયંતી વર્ષના વાર્ષિક અહેવાલનું કવર પેજ

ત્રીજું પુસ્તક આવ્યું છે નાઇરોબીની વાત લઇને. દિનેશકુમાર દેવચંદ પેથરાજ શાહે નાઇરોબીથી 270 પાનનો એક દળદાર ગ્રંથ મને મોકલી આપ્યો છે. In Quest of Knowledge - A Biographyમાં **દિનેશકુમારના સદ્ગત પત્ની શ્રીમતી વિભાબહેનની** જીવનકથા રજૂ થઇ છે. **કૌશલ મહાત્રે**ની કલમે લખાયેલું આ પુસ્તક ખરેખર તો એક વિદૂષી નારીના જીવનકાર્યને સલામી પણ છે, અને સ્મરણાંજલિ પણ. પુસ્તક પેજ-બાય-પેજ વાંચવાનું બાકી છે, પરંતુ પહેલી નજરે વાંચવા મળેલી માહિતી પણ ઘણુંબધું કહી જાય છે.

**વિભાબહેન ઓશવાલ જ્ઞાતિના સંતાન છે.** (હતાં કહેવાનું મન થતું નથી) 1953માં નાઈરોબીમાં તેમનો જન્મ. અને 1978માં દિનેશકુમાર સાથે લગ્નબંધને બંધાયા. ભણવામાં ખૂબ જ તેજસ્વી વિભાબહેને શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય સિદ્ધિઓ મેળવી હતી. તેમણે એમ.ફાર્મ. કર્યું, એફસીસીએ (સીએ) કર્યું, અને એમ.બીએ. પણ કર્યું. આવાં પ્રતિભાવંત વિભાબહેને 2019માં ડોક્ટરેટની ડિગ્રી મેળવી. પરંતુ વિધિની વિચિત્રતા જૂઓ કે તે પછીના ગાળામાં અસાધ્ય બીમારી આવી, અને 2021માં તેઓ સ્વર્ગે સિધાવ્યા.




In Quest of Knowledge - A Biography પુસ્તકનું કવર પેજ

આ ગ્રંથમાં શાહ દંપતીના 42 વર્ષના લગ્નજીવનની સચિત્ર રજૂઆત કરવામાં આવી છે. પુસ્તકના પ્રારંભે વિભાબહેનના જ સુંદર અક્ષરોમાં તેમની વાતો-વિચારોની ઝાંખી રજૂ કરાઇ છે, જેમાં તેમની વિદ્વતાની સાથે સાથે - સહૃદયીપણું અને પરોપકારની ભાવના પણ ઝળકે છે.

વિભાબહેને ઉચ્ચ અભ્યાસના વિવિધ ક્ષેત્રે ખેડાણ કર્યું હતું તો દિનેશભાઇ પણ વિદ્વતાના મામલે ડગલુંય પાછળ નથી એમ કહી શકાય. નાઇરોબીમાં જન્મેલા દિનેશભાઇ ઇકોનોમિક્સ અને સ્ટેટેસ્ટિક્સમાં ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે.

**વાચક મિત્રો**, પુસ્તકો ખરેખર તો આપણા સમાજનો આયનો છે, મારા જીવનના સીમાચિહ્નરૂપ 19 નવેમ્બરના રોજ ત્રણ પુસ્તકો મને મળ્યા છે તેને મારું સદભાગ્ય સમજું છું.

ગ્રેટેસ્ટ શો-મેન રાજ કપુર અને નરગીસને ચમકાવતી ફિલ્મ ‘શ્રી 420’ના એક બહુ જ જાણીતા ગીત **‘પ્યાર હુઆ ઇકરાર હુઆ...’** ગીતની એક પંક્તિમાં ઉલ્લેખ છેઃ **‘હમ ના રહેંગે, તુમ ના રહોગે, ફિર ભી રહેગી નિશાનિયાં...’** સ્મરણોને શબ્દદેહ આપતા આ પ્રકાશનો પણ બસ, આ જ સંદેશની યાદ અપાવે છે.


આપના પ્રિય સમાચાર સાપ્તાહિકો Asian Voice - ગુજરાત સમાચાર તાજેતરમાં જ્વલંત પ્રકાશન યાત્રાના 53 વર્ષ પૂરાં કરીને 54મા વર્ષમાં પ્રવેશ્યા તે પ્રસંગે પ્રકાશિત થયેલા **‘સોનેરી સ્મૃતિગ્રંથ’**નો ઉદ્દેશ પણ સ્મરણોને શબ્દમાં સંકોરવાનો જ હતોને?! વીતેલા વર્ષોમાં આપ સહુએ આપ્યો છે તેવો જ સાથ-સહકાર-સમર્થન અમને આગામી વર્ષોમાં પણ મળતો રહેશે તેવી અમને આશા છે. *(ક્રમશઃ)*

## રૂ. 13 લાખ કરોડની નેટવર્થ ધરાવતા બિલિયોનેર વોરેન બફેટ કહે છે...

# અસલ મૂડી તો પરિવાર - મિત્રો ને સાદગી, મારું શહેર ન છોડવાથી જ સારું કરી શક્યો

**ઓમાહા (યુએસ):** આશરે 13 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ ધરાવતા બિલિયોનેર ઇન્વેસ્ટર વોરેન બફેટ હવે પોતાની કંપની બર્કશાયર હેથવેનો વાર્ષિક રિપોર્ટ નહીં લખે. વર્ષના અંત સુધીમાં ગ્રેગ એબલ નવા સીઈઓ બનશે. છેલ્લા 60 વર્ષથી કંપનીનું સુકાન સંભાળી રહેલા બફેટે તાજેતરમાં શેરધારકોને એક ફેરવેલ પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે બાળપણથી 95 વર્ષની વય સુધીના અનુભવો તેમાં સાંકળેલા છે. સાથે જ અંદાજે 12 હજાર કરોડ રૂપિયાના શેર્સ દાન આપવાની જાહેરાત કરી છે. ‘પૈસામાંથી પૈસા’ બનાવવા માટે પ્રખ્યાત બફેટે બીજાની મદદ કરીને સમાજને વધુ સારો બનાવવા પર ભાર મૂક્યો હતો. વાંચો તેમના જ શબ્દોમાં જીવનસંદેશઃ

હવે હું શાંત રહીશ. 95 વર્ષની વયે જીવિત હોવું એ મારા માટે ચમત્કારથી જરા પણ ઓછું નથી. બાળપણમાં હું લગભગ મૃત્યુ જ પામ્યો હોઉં તેવો અહેસાસ થયો હતો. 1938માં એકવાર ખૂબ જ વધારે પેટનો દુખાવો થયો. રાત્રે જ હોસ્પિટલ જવું પડ્યું. જ્યાં મારી એપેન્ડિક્સની સર્જરી થઇ હતી.



1958માં મેં ઓમાહામાં પહેલા અને એકમાત્ર ઘરની ખરીદી કરી. મેં કેટલાક વર્ષો વોશિંગ્ટન અને ન્યૂયોર્કમાં વીતાવ્યા, પરંતુ જલ્દી જ સમજાઇ ગયું કે સાચું ઘર તો ઓમાહા જ છે. અહીંના પાણીમાં જાણે કોઈ જાદુ છે. મિત્રો, પરિવાર, સાદગી અને પ્રામાણિકતાની જે દુનિયા અહીં મળી, એ જ મારી અસલી મૂડી હતી. કદાચ કોઈ અન્ય શહેરોમાં આટલી સારી પ્રગતિ શક્ય ન બની હોત.

ક્યારેક ક્યારેક નસીબ તમને યોગ્ય સ્થળે જન્મ આપે છે. હું એ મામલે ખૂબ ભાગ્યશાળી રહ્યો છું. મારા પરિવારમાં અત્યાર સુધીમાં સૌથી લાંબી ઉંમર 92 વર્ષની રહી હતી. મેં આ આંકડો પાર કર્યો છે. વૃદ્ધ થવું એ કોઇ ઉપલબ્ધિ નહીં, ભાગ્યની કૃપા છે. કેટલાક લોકો જન્મ લેતાં જ વિશેષાધિકારો સાથે આવે છે, જ્યારે કેટલાકના હિસ્સામાં સંઘર્ષ આવે છે. મારો જન્મ અમેરિકામાં થયો. સ્વસ્થ, ગોરા અને મધ્યમવર્ગીય પરિવારમાં. આ જેકપોટ હતો. મારા ત્રણ સંતાનો આજે 70થી મોટી ઉંમરના છે. હું ઇચ્છું છું કે હું છું ત્યાં સુધી મારી સંપત્તિનો મહત્તમ હિસ્સો ફાઉન્ડેશન દ્વારા સમાજને પરત કરું.

નવા સીઇઓ ગ્રેગ એબલ એ તમામ જોખમોને જાણે છે, જેની અનેક અનુભવી સીઇઓ ઉપેક્ષા કરે છે. હું પણ અનેકવાર એવી સ્થિતિમાં યોગ્ય સમયે યોગ્ય પગલું લઈ શક્યો નથી. એકવાર સુધારાના નામે કંપનીઓને કહેવાયું કે સીઈઓ અને કર્મચારીઓના વેતનનો ગુણોત્તર સાર્વજનિક કરો, પરંતુ તેનાથી પારદર્શિતાને બદલે ઈર્ષા વધી હતી.

તમે ભૂલોથી ડરો નહીં. તેમાંથી શીખીને આગળ વધો. યોગ્ય લીડરને ઓળખી અનુકરણ કરો. આલ્ફ્રેડ નોબેલે જ્યારે ભૂલથી પોતાનો મૃત્યુલેખ વાંચ્યો તો ખુદને બદલવાની નેમ લીધી અને નોબેલ પુરસ્કારની સ્થાપના કરી. તમે કોઇ અખબારની ભૂલની પ્રતીક્ષા ન કરો. આજે જ તમારી કહાની કઈ રીતે લખાવવા માંગો છો તે નક્કી કરો. પછી એ રીતે જીવન જીવો.

પૈસા અને સત્તાથી મહાનતા આવતી નથી. કોઈની મદદ કરીને જ તમે દુનિયાને વધુ સારી બનાવી શકો છો. દયા સસ્તી નહીં, અમૂલ્ય છે. ગોલ્ડન રુલ ધ્યાન રાખો. બીજા સાથે એવો જ વ્યવહાર કરો, જેવો તમે ઇચ્છો છો. હંમેશા યાદ રાખો કે સફાઈકર્મી પણ એક કંપનીના ચેરમેન જેટલો જ મહત્વપૂર્ણ વ્યક્તિ છે.